

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા MEIS સ્કીમ અંતર્ગત ફાઈલ કરાયેલ શીપીંગ બીલમાં Y અને N બન્ને સ્ટેટસ માન્ય રાખી મળવાપાત્ર લાભોની મુદત તા.૩૧-૩-૨૦૨૨ સુધી વધારવા ડીજીએફટી સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

સરકારશ્રીની ફોરેન ટ્રેડ પોલીસી ૨૦૧૫-૨૦૨૦ અંતર્ગત નિકાસકારોને MEIS સ્કીમ હેઠળ વિવિધ લાભો મળવાપાત્ર થતા હતા. આવા લાભો તા.૩૧-૧૨-૨૦૨૦ પહેલા કરવામાં આવેલ નિકાસોને લાગુ પડે છે. તાજેતરમાં સરકારશ્રીએ MEIS સ્કીમના બદલે નવી RoDTEP સ્કીમ અમલમાં મુકેલ છે. ઘણાં નિકાસકારો શીપીંગ બીલમાં Y ને બદલે ભુલથી N સ્ટેટસ દર્શાવવાના કારણે મળવાપાત્ર લાભોથી વંચિત રહી ગયેલ છે.

ડીજીએફટીની ઓનલાઈન સિસ્ટમમાં N સ્ટેટસવાળા નિકાસકારોના શીપીંગ બીલ દર્શાવવામાં આવતા નથી. આવી ભુલવાળા નિકાસકારો પોતાના કલેઈમ ફાઈલ કરી શકે તથા MEIS અંતર્ગત મળપાત્ર થતા લાભો મેળવી શકે તે માટે શીપીંગ બીલ ફાઈલ કરવાની મુદત તા.૩૧-૧૨-૨૦૨૧ થી તા.૩૧-૩-૨૦૨૨ સુધી વધારી આપવી. સાથોસાથ નિકાસકારો દ્વારા શીપીંગ બીલમાં દર્શાવવામાં આવેલ Y અને N સ્ટેટસ બન્ને કિસ્સાઓમાં મળવપાત્ર લાભોની મુદત તા.૩૧-૩-૨૦૨૨ સુધી લંબાવવા માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ડીજીએફટી ન્યુદિલ્હી શ્રી અમીત યાદવ તથા રાજકોટ જોઈન્ટ ડીજીએફટીશ્રી અભિષેક શર્માને રૂબરૂ મળી ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.